| | |
|---|---|
| દાવો દાખલ તા. | ૧૯/૧૧/૨૦૨૫ |
| દાવો રજીસ્ટર તા. | ૧૯/૧૧/૨૦૨૫ |
| દાવો ફેંસલ તા. | ૧૨/૦૬/૨૦૨૬ |
| અવધિ | વર્ષ : માસ : દિવસ : |

**પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મું. પોરબંદર**

**દિવાની પરચુરણ અરજી નંબર: ૭૩/૨૦૨૫**
**આંક :**

**સ્વાતિ રણછોડભાઇ ચામુડીયા,**
**ઉ.વ.આ.૩૯,**
**રહે. પેરેડાઇઝ સીનેમા પાછળ,**
**રબારી વાસ, સોનીની વંડી પાસે,**
**પોરબંદર ..... અરજદાર**

**–: વિરૂધ્ધ :–**

**xxxxx ..... સામાવાળા**

**બાબત:- ધી ઇન્ડીયન સકસેશન એકટની કલમ–૩૭૧, ૩૭૨ અન્વયે વારસા સર્ટીફિકેટ મળવા અંગે**

**અરજદાર તરફે વિ.વ.શ્રી.એસ.એ. સરવાણી.**
**સામાવાળા તરફે કોઈ નહી**

**–: ઠ રા વ :–**

**અરજદારની અરજીની ટુંકમાં હકીકત :–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના માતા પ્રેમીલાબેન રણછોડભાઇ ચામુડીયાનુ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ પોરબંદર મુકામે અવસાન થયેલ છે તેમજ અરજદારના પિતાનુ તા. ૨૮/૦૯/૨૦૦૨ ના રોજ મુંબઇ મુકામે અવસાન થયેલ છે. ગુજરનાર પ્રેમીલાબેન રણછોડભાઇ

ચામુડીયાના સીધીલીટીના વારસદારો આ મુજબ છે, (૧) સ્વાતી રણછોડભાઇ ચામુડીયા(અરજદાર), (૨) રસ્મીતા રણછોડભાઇ ચામુડીયા, (૩) સંદિપ રણછોડભાઇ ચામુડીયા. અરજદારના માતા પ્રેમીલાબેન રણછોડભાઇ ચામુડીયાની માલીકી હકક દર્શાવતી નીચે મુજબની જંગમ મિલકતો આવેલ છે.

OIL AND NATURAL GAS CORPORATION LIMITED દિલ્હી કંપનીના કુલ ૨૨૫૦ શેર આવેલા છે. જે પૈકી શેરની વિગત નીચે મૂજબ છે.

(૧)Regd. Folio No.: ONG0069898 200074 Certificate No.: 74
Name (s) of Holder (s): PREMILABEN RANCHHOD GHAMUDIA
No. of Share (s) Held: 750-SEVEN HUNDRED FIFTY ONLY
Distinctive No. (s): 0000066413-0000067162
10 TH DAY OF FEBRUARY 2011 AT HYDRABAD

(૨)Regd. Folio No.: ONG0069898 200074 Certificate No.: 475232
Name (s) of Holder (s): PREMILABEN RANCHHOD GHAMUDIA
No. of Share (s) Held: 750-SEVEN HUNDRED FIFTY ONLY
Distinctive No. (s): 4277811473-4277812222
10 TH DAY OF FEBRUARY 2011 AT HYDRABAD

(૩) Regd. Folio No.: ONG0069898 Certificate No.: 965410
Name (s) of Holder (s): PREMILABEN RANCHHOD GHAMUDIA
No. of Share (s) Held: 750-SEVEN HUNDRED FIFTY ONLY
Distinctive No. (s): 8557329972-8557330721
18 TH DAY OF DEC. 2016 AT DEHRADUN

ઉપરોકત શેર સર્ટી.વાળી કંપનીમા શેડ્યુલ-એ મુજબના શેર સર્ટી. અન્વયે જરુરી વ્યવસ્થા અને કાર્યવાહી કરવાની હોય અરજદારના ગુજરાનાર માતૃશ્રીએ તેમની હયાતીમા કોઇ વીલ કે વીલ સ્વરુપનુ લખાણ કરેલ ન હોય હાલના અરજદાર સીધીલીટીના વારસદાર હોય વારસા સર્ટીફીકેટ મળવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર દ્વારા તેની અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી ૪/૧૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૩) ત્યારબાદ અરજદાર પક્ષ તરફે આંક-૧૭ થી પુરાવો પુરો થયાની પુરસીસ આપેલ છે.

(૪) આ કામે આંક–૧૨ થી અરજદાર સ્વાતી રણછોડભાઇ ચામુડીયાની સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. જેમાં તેઓએ મહદ અંશે અરજી મુજબની હકીકતનો પુરાવો આપેલ છે. આ કામે અરજદારની અરજી લગત કોઇને વાંધો તકરાર હોય તે રજુ કરવા સંબધે ન્યુઝ પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે નોટીસ આ કામે માર્ક ૬/૧ થી રજુ કરવામાં આવેલ છે પરંતુ હાલની અરજી લગત કોઇ વાંધા આવેલ નથી.

(૫) આ કામે અરજદાર તર્ફે આંક–માર્ક ૪/૧ થી ૪/૩ સુધી મિલકતના શેડયુલ–એ મુજબના શેર સર્ટીફીકેટ રજુ રાખેલ છે તથા માર્ક ૪/૫ અને ૪/૯ થી અરજદારના માતાપિતાના મરણના દાખલા રજુ રાખેલ છે. તેમજ માર્ક ૪/૬ થી ૪/૮ સુધીમા અરજદારના માતાનુ આધારકાર્ડ, ચુટણીકાર્ડ, અને રાશનકાર્ડ રજુ કરેલ છે. તેમજ આ કામે આંક–૦૯ થી અન્ય વારસો એટલે કે અરજદારના બહેન રસ્મીતાબેન તથા અરજદારના ભાઇ સંદિપભાઇની નો ઓબ્જેકશન પુરસીસ રજુ થયેલ છે. જેમાં તેઓએ અરજદારની માંગણી મુજબનુ અરજદારના નામનુ વારસા સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવે તો કોઇ વાંધા–તકરાર ન હોવાનુ જણાવેલ છે. તેમજ આ કામે હાલની અરજી લગત કોઇ વાંધા પણ આવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે અરજદાર દ્વારા સકસેશન સર્ટીફીકેટ મેળવવા માટે જે અરજી કરવામાં આવેલ છે તે અરજી મંજુર કરવા પાત્ર જણાઇ આવતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારની હાલની વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર ગુજરનાર સ્વ.પ્રેમીલાબેન રણછોડભાઇ ચામુડીયાના વારસદાર હોવાનુ અને અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના મિલકતના શેડયુલ–એ માં દર્શાવેલ શેર સર્ટીફીકેટ અન્વયેનુ અરજદારના નામનુ ઇન્ડીયન

સકસેશન એકટની કલમ–૩૭૧, ૩૭૨ મુજબનુ વારસા સર્ટીફીકેટ કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારે હુકમની તારીખે મિકલતના શેડયુલ–એ મા દર્શાવ્યા મુજબની મિલકતની કિંમતનો નિયમાનુસારનો કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે. કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી અરજદારના નામનુ નિયમ મુજબ વારસા સર્ટીફીકેટ કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૨ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ: ૧૨/૦૬/૨૦૨૬**
**સ્થળ: પોરબંદર**

**(ભાવેશ જેઠાભાઇ પટેલ)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**
**પોરબંદર**
**(જજ કોડ : ০০૯૭૭)**